# લોક બોલી ના જુના શબ્દો

\- - - - - - - - - - - - - - -

આપણા સમાજની જુની પુરાણી વાતો જે હાલમાં લુપ્ત થતી જાય છે અથવા આપણે તેનો અર્થ જાણતા નથી તેવી થોડી વાતો અહીં કરીએ

**કાટિયાવરણઃ-** કાટિયાવરણ એટલે નીડર, લડાયક અને સૂરવીર કોમ. કાઠિયાવાડના કાટિયાવરણમાં રાજપૂત, કાઠી, રબારી, ચારણ, ભરવાડ, મેર, પરજિયા વગેરે ૧૩ જાતિઓનો સમાવેશ થાય છે. આથી આ લોકો 'તેર તાંસળિયા' તરીકે ઓળખાય છે. તેઓ કાંસાની તાંસળીમાં જમે છે તથા ૧૩ જાતિ સાથે ભાણાં વ્યવહાર રાખે છે. પૂર્વ મધ્યકાળમાં મુસ્લિમ આક્રમણકારો ભારત ઉપર ચડી આવ્યા. તેમણે લૂંટફાટ શરૂ કરી. હિંદુ મંદિરો તોડી ધર્માન્તર કરાવવા માંડ્યુ. ઇસ્લામી અસરે ક્ષત્રિય જાતિઓ અને પોતાની જાતને કાટિયાવરણ (કંટક વર્ણ - કાંટાની જેમ વાગે એવા) કહેવડાવતી જાતિઓનું લડાયક ખમીર ખીલી ઉઠ્યું હતું. મધ્યકાળે કાટિયાવરણની શૂરવીર-જાતિઓના લોકો ઘોડેસ્વાર થઈ ખડિયામાં 'કાટિયું' (ખાપણ- શબને ઓઢાડવાનું કાપડ) લઈને મોતને મુઠ્ઠીમાં રાખીને જ ફરતા.

**ઘરઘરણુઃ-** લોકવરણમાં કન્યાના એકવાર લગ્ન થઈ ગયા પછી બીજી વાર પરણાવે તો તેને લગ્નમંડપમાં બેસાડવામાં આવતી નથી. પતિ જીવિત હોય ને છૂટાછેડા લઈ બીજાનું ઘર માંડે તેને ઘરઘરણું (ઘર ગ્રહણ) કહે છે. જે સગા અને કુટુંબની સંમતિથી જ થાય છે. ઘરઘરણાંમાં મૂરતિયો કન્યાને ત્યાં આવતો નથી. દસથી બાર પુરૂષો ને એક નાની કુંવારી કન્યા આવે છે અને સોમવાર કે ગુરૂવારે સારો વાર જોઈ ફારગતી લીધેલી નારીને નવા સાસરીયે વળાવે છે. ઘેર આવ્યા પછી એક ઘરમાં માટલીમાં દીવો મૂકી પુરૂષ અને બાઈને દીવો જોવાનું કહેવામાં આવે છે. બેય દીવો જોવા માટલી પર માથાં નમાવે એટલે પરણનાર પુરૂષની કાકી, મામી કે ભાભી બેયનાં માથા ભટકાડી દે છે. પછી બેયને ગોળની કાંકરી ખવરાવે છે. આમ ઘરઘરણાંની વિધિ સંપન્ન થાય છે. એ પછી બીજે દિ પુનઃલગ્ન કરેલ સ્ત્રી અને પુરૂષ ભળકડે ઊઠી પાણી ભરવા ગામના કૂવે જાય છે. સ્ત્રી પાણી સીંચે છે. પુરૂષ એના માથે બેડું ચડાવે છે અને ઘેર આવી બેડું ઉતરાવી લે છે.

**નાતરૂઃ-** ઘરઘરણા સાથે પુરૂષનો સંબંધ છે તો નાતરા સાથે નારીનો સંબંધ છે. જે સ્ત્રી પરણેલા પતિને ઊભો મૂકી બીજા પુરૂષનું ઘર માંડે ત્યારે તેને 'નાતરે ગઈ' એમ લોકવાયકા કહેવાય છે. જો સ્ત્રી કોઈ પુરૂષ સાથે ભાગી જાય તો 'ઉઘલીને ગઈ' એમ કહેવાય છે. પતિનું મૃત્યુ થાય ને સ્ત્રીને દિયરના ઘરમાં બેસાડવામાં આવે તો તેને 'દિયરવટું' વાળ્યું કહેવાય છે, અથવા 'વેલવાળી' કે 'વેલમાં રાખી' (કુટુંબમાં રાખી) એમ બોલાયે છે. જે નાતમાં કન્યાની તાણ હોય તે નાતમાં આ રિવાજ આજેય જોવા મળે છે. પતિ પત્નીને ન બને ને નાતના કાયદા મુજબ છુટા થાય તો તેને 'લખણું કર્યુ' કહેવાય છે.

Vijay V. Rabari
Mahemdabad

BACK to

વડવાળા.કોમ Vadwala.com

www.vadwala.com